શ્લોક-૧

વિકલ્પવિષયોત્તીર્ણઃ, સ્વભાવાલમ્બનઃ સદા।
જ્ઞાનસ્ય પરિપાકો યઃ, સ શમઃ પરિકીર્તિતઃ (૬-૧)

ધ્યેય

શબ્દાર્થ: વિકલ્પ + વિષય + ઉત્તીર્ણઃ = મોહના વિકલ્પોથી નિવૃત્ત
સ્વભાવ + આલમ્બનઃ = સ્વભાવદશાના આલંબનવાળો
પરિકીર્તિતઃ = કહેવાય છે.

શ્લોકાર્થ: (મોહના) વિકલ્પોના વિષયોથી રહિત અને હંમેશાં સ્વભાવદશાના જ આલંબનવાળો એવો જે જ્ઞાનનો પરિણામ તેને શમભાવ કહેવાય છે.

ભાવાર્થ:
વિકલ્પ એ ચેતનની અસ્થિરતાનો પરિણામ છે. ત્યાંથી ઇન્દ્રિયોના વિષયસુખોથી રહિત બનેલો એવો જે જ્ઞાનનો પરિપાક છે તેને શમ કહેવાય છે.

જ્યારે આ જીવ આધ્યાત્મિક જ્ઞાનમાં રસિક બને છે ત્યારે આત્માના ગુણોના આસ્વાદનને કારણે વર્ણ-ગંધ-રસ-સ્પર્શ અને શબ્દ એવા પાંચ ઇન્દ્રિયોના પાંચ વિષયસુખોમાંથી જીવની રસવૃત્તિ શાંત થઈ જાય છે. વિષયોથી વિરામ પામેલો જીવ સ્વભાવદશાના આલંબનવાળો બને છે.

શંકા: શમભાવ આવ્યો ક્યારે કહેવાય?

સમાધાન: જ્યારે આત્મા વિષયરસથી નિવૃત્ત બને છે ત્યારે આત્માના શુદ્ધ સ્વભાવને જ જોનારો, આત્માના શુદ્ધ સ્વભાવનું જ જ્ઞાન કરનારો, આત્માના શુદ્ધ સ્વભાવમાં જ રમણતા કરનારો, આત્માના ગુણોનો જ આસ્વાદ માણનારો, શુદ્ધ એવું આત્મતત્ત્વ જેનામાં પરિણામ પામ્યું છે ત્યારે જે શમભાવ આવે છે તેને જ સાચો શમભાવ કહેવાય છે.

દુઃખમાં: જ્ઞાનનો પરિપાક તો સમતા, પણ એમાં બે શરતો છે.

(૧) કોઈ વિકલ્પો ન લાવવા જોઈએ. હું દાન આપું, તપ કરું (હું ધનવાન બનું એવા) એવા સારા વિકલ્પો પણ નહિ અને ખરાબ વિકલ્પો પણ નહિ.

આ બધા વિકલ્પો છઠ્ઠા ગુણસ્થાનક સુધી હોય છે.
સાતમા ગુણસ્થાનકથી વિકલ્પો બંધ થઈ જાય છે.

(૨) સ્વભાવદશાનું આલંબન લેવું. એટલે દુઃખમાં સમતા રાખવી અને સુખમાં લીન ન બનવું. સુખમાં લીન બનીએ તો પણ સમતાનો ભંગ થયો કહેવાય.

સંસારની અનુકૂળતાઓ અને પ્રતિકૂળતાઓ આપણા જ પુણ્ય કે પાપના ઉદયથી આવે છે, આપણું જ વાવેલું આવે છે.
રામચંદ્રજીને ચૌદ વર્ષનો વનવાસ વેઠવો પડેલો. સીતાજીને રાવણ ઉપાડી ગયો. મહાવીર પ્રભુ પર કેટકેટલા ઉપસર્ગો આવેલા.
આપણે એવા કાળમાં જન્મ્યા છીએ કે આપણા પર કોઈ તેવી મોટી આપત્તિ આવતી નથી. કોઈ દેવો ઉપસર્ગ કરવા અહીં આવતા નથી. આપણને કોઈ રાજા હેરાન કરતા નથી. ફક્ત એક જ રાજા આપણને સતત પજવે છે અને તે રાજાનું નામ છે મોહરાજા.

એટલે મહાપુરુષો આપણને સાચું માર્ગદર્શન આપે છે કે સમતામાં રહો. સમતા એટલે શમભાવમાં રહેવું.

શ્લોક-૨:

અનિચ્છન્ કર્મવૈષમ્યં, બ્રહ્માંશેન સમં જગત્
આત્માઽભેદેન યઃ પશ્યેદ્, અસૌ મોક્ષંગામી શમી (૬-૨)

**શબ્દાર્થ:** અનિચ્છન્ = નહીં ઇચ્છતો, યઃ = જે (મનુષ્ય)
બ્રહ્માંશેન = બ્રહ્મના અંશ વડે, કર્મવૈષમ્યં = કર્મની વિષમતા
આત્મા ભેદેન યઃ પશ્યેદ્ = આત્માથી અભિન્નપણે જે જુએ
અસૌ = આ જીવ, મોક્ષંગામી = મોક્ષગામી, શમી = શમભાવવાળો

**શ્લોકાર્થ:** જે આત્મા કર્મના ઉદયથી થયેલી વિષમતાને (નજરમાં નહીં લેતો) ઇચ્છતો નથી અને આખા જગતને સત્તાલક્ષણ વડે સમાન ગણે છે તે શમભાવવાળો આત્મા મોક્ષગામી થાય છે.

**ભાવાર્થ:** આ સંસારમાં રહેલા નિગોદથી માંડીને પંચેન્દ્રિય વગેરે જીવો "સત્તા" લક્ષણથી સમાન છે, સર્વે જીવોમાં સિદ્ધપરમાત્માની જેમ અનંત ગુણો રહેલા છે, પણ સત્તામાં રહેલા છે. કર્મના ભારથી દબાયેલા છે એટલે બહાર આવ્યા નથી. સંસારમાં સુખી - દુઃખી, રોગી - નિરોગી, સ્ત્રી - પુરુષ આદિ જે ભેદ દેખાય છે એ માત્ર કર્મજન્ય છે. પૂર્વભવોમાં બાંધેલા કર્મોના ઉદયથી સંસારી તમામ જીવોમાં ચિત્ર-વિચિત્રતા દેખાય છે, અને જ્યાં સુધી કર્મનો ઉદય રહે ત્યાં સુધી જ રહેવાવાળી છે. કોના ઉપર રાગ કરવો? અને કોના ઉપર દ્વેષ કરવો?

ધારો કે કોઈ કુટુંબના બે દીકરા રામાયણના કોઈ પ્રસંગનું નાટક કરે છે. એક છોકરો રામ બને છે અને બીજો રાવણ બને છે. આ નાટકને કુટુંબના સભ્યો જુએ તો રામ પ્રત્યે પ્રેમ અને રાવણ પ્રત્યે દ્વેષ આવે પરંતુ તે તો પાત્ર ભજવનાર ઉપર કદી દ્વેષ ન થાય. આપણી સમજણ શું છે? આ તો નાટક છે. ધ્યાન રાખો કે તું નાટક સમજીને આ સંસારને જો. દરેકને કર્મસત્તાએ પાત્ર ભજવવા

આવ્યું છે, પરંતુ તું અંદરના આત્માને જો.

આ રીતે કર્મના ઉદયથી થયેલી વિષમતા તે વ્યવહારથી છે પરમાર્થથી નથી.

જેમ કે કોઈ દેવ, કોઈ મનુષ્ય, કોઈ તિર્યંચ, કોઈ નારકી એમ ગતિ સંબંધી વિષમતા,

કોઈ એકેન્દ્રિય, કોઈ વિકલેન્દ્રિય (બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય) અને કોઈ પંચેન્દ્રિય એમ ઇન્દ્રિય જાતિ સંબંધી વિષમતા.

કોઈ કાળા, કોઈ ધોળા, કોઈ નીલા એમ વર્ણની વિષમતા,

કોઈ જાડા, કોઈ પાતળા, કોઈ ઊંચા, કોઈ ઠીંગણા એમ સંસ્થાનની વિષમતા,

કોઈ ક્ષત્રિય, કોઈ બ્રાહ્મણ વગેરે જાતિ સંબંધી વિષમતા,

ઉપર જણાવેલી બધી વિષમતાઓ કર્મના ઉદયથી થયેલી વિષમતા છે. પરંતુ અનંતાનંત (આત્મામાં રહેલા ગુણો) ગુણો સર્વેના સમાન છે.

તેથી ભવ્ય જો દ્રષ્ટિ બદલે તો "શમભાવ" પ્રાપ્ત થઈ શકે છે. કર્મની વિષમતા કેમ છે? કારણ આપણી દ્રષ્ટિ પર્યાય તરફ છે.

જીવના (આત્માના) બે અંશ છે: એક છે દ્રવ્ય અને બીજો છે પર્યાય.

યોગી મહાત્મા જીવના દ્રવ્ય અંશને દ્રષ્ટિમાં રાખીને વિચાર કરે છે. આત્માની સંસારમાં ઉપર જણાવ્યા પ્રમાણે રહેલી ભિન્ન ભિન્ન અવસ્થા તે પર્યાય અંશ છે.

મનુષ્ય, તિર્યંચ, દેવ, નારકી આ બધા આત્માના પર્યાય છે. આ રીતે પર્યાય અંશમાં ભેદ છે, દ્રવ્યઅંશમાં અભેદ છે.

દ્રવ્યનયથી જોતા દર્શનમાં નથી હોતો રાગ કે નથી હોતો દ્વેષ. રાગ-દ્વેષ રહિત દર્શન કરતો, શમરસથી ભરપૂર યોગી અલ્પકાળમાં મોક્ષાવસ્થાને પ્રાપ્ત કરે છે.

# છઠ્ઠું શમ અષ્ટક:

શ્લોક-3

આરુરુક્ષુર્મુનિર્યોગં શ્રયેદ્ બાહ્યક્રિયામપિ
યોગારૂઢ: શમાદેવ, શુદ્ધ્યત્યન્તર્ગતક્રિય: (6-3)

શબ્દાર્થ: આરુરુક્ષુ: + મુનિ: + યોગમ્ = યોગ ઉપર ચઢવાની ઈચ્છાવાળા મુનિ, યોગ + આરૂઢ: = યોગ ઉપર ચઢેલા મુનિ
અન્તર્ગતક્રિય: = અંદર છે ક્રિયા જેની (અંતર્ગત ક્રિયાવાળા)

શ્લોકાર્થ: યોગદશામાં આરોહણ કરવાની ઈચ્છાવાળા મુનિ બાહ્ય ધર્મક્રિયા પણ કરે, પરંતુ યોગદશા ઉપર આરૂઢ થયેલા મુનિ અંતર્ગત ક્રિયાવાળા હોય છતાં (બાહ્ય ક્રિયા વિનાના હોવા છતાં પણ) શમભાવ દશાથી જ શુદ્ધ-બુદ્ધ હોય છે.

ભાવાર્થ: મોક્ષમાર્ગની આરાધના કરનારા જીવો બે પ્રકારના હોય છે
(1) સાધનાકાળવર્તી જીવો અર્થાત બાહ્યક્રિયાવાળા જીવો
(2) સાધ્યની સિદ્ધિવાળા કાળવર્તી અર્થાત અંતરક્રિયાવાળા જીવો.
ઉપરના બંને પ્રકારના આત્માઓ મુક્તિ અવશ્ય કરે છે પરંતુ સાધના અવસ્થા અને સાધ્ય અવસ્થામાં અવસ્થા ભેદ હોવાથી ક્રિયાનો ભેદ હોય છે.

શંકા: સાધનાકાળવર્તી જીવો કઈ બાહ્યક્રિયા કરે?

સમાધાન: સાધનાકાળમાં વર્તનારા જીવોમાં કાયોત્સર્ગ ધ્યાન, પ્રતિક્રમણ, તપ આદિ અનુષ્ઠાનોની ક્રિયા હોય છે. જીવે કરેલી ભૂલોની ક્ષમા યાચના કરવા રૂપ પ્રતિક્રમણ અનુષ્ઠાન હોય છે. ચિત્તની ચંચળતા દૂર કરવા ધ્યાન અને કાયોત્સર્ગ ક્રિયા હોય છે. મોહને જીતવા માટે તપ અનુષ્ઠાનની ક્રિયા હોય છે. આમ પ્રીતિ અનુષ્ઠાન, ભક્તિ અનુષ્ઠાન અને વચન અનુષ્ઠાન રૂપ બાહ્ય ક્રિયા હોય છે.

**શંકા:** અંતર્ગત ક્રિયાવાળા જીવો સાધનાની સિદ્ધિ માટે શું કરે?

**સમાધાન:** જેનામાં યોગદશા સિદ્ધ થઈ ચૂકી છે તેવા જીવો બાહ્ય ક્રિયા આચરતા નથી. તેઓનાં મોહનીય કર્મોનો ક્ષય થયો છે એટલે અંદરની ક્રિયાની પ્રધાનતાથી જ સિદ્ધિ થાય છે. તેરમા, ચૌદમા ગુણસ્થાનકે રહેલા જીવો અંતર્ગત ક્રિયાવાળા જીવો કહેવાય છે. આવા જીવો ઉપશમ (શમ) દ્વારા જ વિશુદ્ધિ પામે છે. તેમનો અસંગ અનુષ્ઠાનનો (જુઓ [illegible]) પ્રારંભ થાય છે. આ અનુષ્ઠાન કરતા તેમનો શાસ્ત્રનો વિચાર નથી આવતો. જેમ ચંદનમાં સુવાસ આત્મસાત્ હોય છે તેમ અસંગ અનુષ્ઠાન આત્મસાત્ હોય છે. આ અનુષ્ઠાન જિનકલ્પી મહાત્માઓમાં હોય છે. આત્મામાં પ્રગટ થયેલું જે લબ્ધિવીર્ય છે તે વીર્યગુણની પ્રવૃત્તિ અંતર્ગત ગુણોની ઉપાસનામાં પ્રવર્તે છે.

**શંકા:** બાહ્ય ક્રિયા અને અંતર્ગત ક્રિયાનું કોઈ વ્યવહારિક ઉદાહરણ?

**સમાધાન:** શત્રુંજય ગિરિરાજ ઉપર ચઢનારા જીવોની ગતિક્રિયા એક એક પગથિયું નીચેનું છોડીને ઉપરનું ગ્રહણ કરવા રૂપ "આરોહણ" ક્રિયા હોય છે.

ગિરિરાજના શિખરે પહોંચી ગયેલા જીવોમાં આરોહણ કરનારા જીવો જેવી ગતિ ક્રિયા હોતી નથી.

જેમ સોય પગમાં નાંખવા જેવી નથી, પીડા કરનારી છે. નાંખીએ તો પણ અંતે કાઢી જ નાંખવાની હોય છે, માટે જ તેનો બીજો છેડો હાથમાં જ રખાય છે. પીડાકારી છે તો પણ પગમાં ઘૂસેલો કાંટો તેના વિના નીકળતો નથી. તેથી કાંટો કાઢવા પૂરતી નાંખવી પડે છે. કાંટો નીકળી જાય એટલે સોયની જરૂર નથી રહેતી.

તેમ અશુભ સંકલ્પોને ટાળવા માટે શુભ સંકલ્પો પૂર્વકાળમાં આદરવા પડે છે. જેમ જેમ શુભ સંકલ્પો દ્વારા અશુભ સંકલ્પોનું નિવારણ થતું જાય તેમ તેમ શુભ સંકલ્પોને પણ છોડીને "નિર્વિકલ્પદશા" પ્રાપ્ત કરવાની હોય છે.

રત્નત્રયી સ્વરૂપ યોગદશામાં જેઓ આરૂઢ થઈ ચૂક્યા છે તેઓ "શમભાવથી" જ શુદ્ધ થાય છે. તેમને બાહ્ય ક્રિયાની જરૂર રહેતી નથી.

<u>શ્લોક-૪</u>:

ધ્યાન વૃષ્ટેર્દયાનદ્યાઃ, શમપૂરે પ્રસર્પતિ
વિકારતીરવૃક્ષાણાં, મૂલાદુન્મૂલનં ભવેત્ (૬-૪)

<u>શબ્દાર્થ</u>: પ્રસર્પતિ = વધે છે, મૂલાદ્ + ઉન્મૂલનં = મૂળથી ઉખડી જાય છે.
શમપૂરે = શમરૂપ (ઉપશમ રૂપ) પૂર.

<u>શ્લોકાર્થ</u>: ધ્યાનરૂપ વૃષ્ટિથી દયારૂપ નદીનું શમરૂપ પૂર વધે છે ત્યારે વિકારરૂપ (કાંઠાના) વૃક્ષો મૂળથી ઉખડી જાય છે.

<u>ભાવાર્થ</u>: નદીમાં પૂર ક્યારે આવે? દીર્ઘકાળ સુધી મુશળધાર વર્ષા થાય ત્યારે ભયંકર પૂર આવે. આ ધસમસતા પૂરથી કિનારા પર રહેલા વૃક્ષો મૂળમાંથી ઉખડી જાય છે. અહીં ગ્રંથકારશ્રી કહે છે કે ધ્યાનરૂપી વૃષ્ટિ થવાથી દયારૂપી નદીનું પૂર વધે છે ત્યારે કિનારા પર રહેલા અનંતકાળથી ફેલાયેલા વાસનાના વૃક્ષો મૂળમાંથી ઉખડી જાય છે. અહીં પાપસ્થાનકોનું મૂળ નિર્મૂલન શક્ય છે.

<u>શંકા</u>: ધ્યાન કોને કહેવાય?

<u>સમાધાન</u>: <u>કોઈપણ એક વિષયમાં</u> <u>અંતર્મુહૂર્ત</u> સુધી <u>ચિત્તની સ્થિરતાને ધ્યાન કહેવાય છે.</u> આ વ્યાખ્યા છદ્મસ્થ જીવોને આશ્રયી છે. કેવળી ભગવંતોને તો યોગનો નિરોધ કરવો તે જ ધ્યાન કહેવાય છે.

ધ્યાનના ૪ ભેદ છે. <u>આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન</u> અને <u>શુક્લધ્યાન</u>.

ધર્મધ્યાન અને શુક્લધ્યાનથી જ વિકારો વિનાશ પામે છે.
શ્રેષ્ઠ આલંબન યુક્ત <u>દેવ-ગુરુના સ્વરૂપમાં ચિત્તની એકાગ્રતાને</u> ધર્મધ્યાન કહેવાય છે.

ધર્મ ધ્યાનના ચાર પ્રકાર છે.

૧) આજ્ઞાવિચય ૨, અપાયવિચય, ૩, વિપાકવિચય ૪, સંસ્થાન વિચય.

(૧) આજ્ઞાવિચય: પરમાત્માની વાણી સ્યાદ્વાદથી યુક્ત છે.
આ અપેક્ષાએ આમ છે અને આ અપેક્ષાએ આમ નથી.
આ સ્યાદ્વાદ શૈલીથી પદાર્થોનું સ્વરૂપ પૂરેપૂરું સમજી શકાય છે
તેથી તેમની આજ્ઞા ઉપર બહુમાન પ્રગટે છે.
દાખલા તરીકે પરમાત્માએ કહ્યું કે કોઈપણ જીવ હણવા નહિ.
પરંતુ પરમાત્માની દ્રવ્યપૂજામાં જીવહિંસા થાય છે આ વિરોધાભાસ
જેવું દેખાય છે કારણકે પરમાત્માની આજ્ઞા જીવોની રક્ષાને
અનુલક્ષીને છે.
ગૃહસ્થનો આરંભ-સમારંભથી મુક્ત થવા માટે પરમાત્માની
દ્રવ્યપૂજા કરવાની છે. સર્વવિરતિધર સાધુને પાંચ મહાવ્રતોનું
પાલન કરવાની પ્રતિજ્ઞા છે. તેમના જીવનમાં આરંભ-સમારંભ
નથી તો તેમના માટે પરમાત્માની દ્રવ્યપૂજાની આજ્ઞા નથી.

(૨) અપાયવિચય: જો પરમાત્માની આજ્ઞાનું પાલન હું નહિ
કરી શકતો તો તેના ફળસ્વરૂપે કર્મના વિપાકો કેવા ભોગવવા પડશે
તે વિચારવું. કષાયો જ આત્માના અનર્થોનું કારણ છે, તેને
નિર્ધાર કરી તેને જીતવાના છે. તે માટે સમ્યક્ત્વ મૂળિયા સમાન છે.
સમ્યક્ત્વ આત્માને ભાવમાંથી સ્વભાવ તરફ લઈ જાય છે.

(૩) વિપાકવિચય: આજ્ઞા અને અપાયના વિચાર પછી તેના વિપાકને
વિચારે કે કષાયને છોડો તો શું થાય અને ન છોડો તો શું થાય ?
વિપાક એટલે વિપરીત પાક.
સારા-નરસા પરિણામરૂપે થવું તે વિપાક છે. સમતાના પરિણામ
પ્રગટ થવા જોઈએ તે ન થાય.
હું તો વર્તમાનમાં મારી જે સ્થિતિ છે તે પૂર્વકૃત કર્મોને આભારી
છે. મારા જ કર્મોનું ફળ હું ભોગવી રહ્યો છું.

(ઘ) સંસ્થાન વિચય :

આજ્ઞાનો ભંગ કરવાથી અપાય કર્યો તેના કારણે કર્મનો બંધ કર્યો. તેના વિપાક રૂપે (ફળ રૂપે) જુદા જુદા આકારોમાં અને જુદા જુદા શરીરોમાં આત્મા પુરાયો. નિરાકારને ભૂલ્યો અને વિકારને આધીન બન્યો. તેના મૂળિયા ખૂબ ઊંડે સુધી ગયા. હવે તે મૂળિયાને ઉખેડવા માટે ઈલાજ જરૂરી છે. સમતા ભાવે તો ઈલાજના પૂર ઉમટે.

૧૪ રાજલોકમય લોકાકાશ અને તેમાં રહેલા પદાર્થોની વિચારણા - ચિંતન તે સંસ્થાન વિચય ધર્મધ્યાન છે. ધર્મધ્યાન ૭ મા ગુણસ્થાનકે આવે છે અને અંતર્મુહૂર્ત સુધી રહે છે.

પોતાના અને પરના ભાવપ્રાણોની હિંસા ન કરવી તે ભાવદયા કહેવાય છે, અને દ્રવ્યપ્રાણોની રક્ષા કરવી તે દ્રવ્યદયા કહેવાય છે. ધ્યાનરૂપી પુષ્કરથી દયારૂપી નદીમાં "શમભાવ" રૂપી પૂરની વૃદ્ધિ થાય છે. સર્વ કષાયજનક પરભાવોની શાંતિ થવી તે શમભાવ છે, અથવા રાગ-દ્વેષનો અભાવ તે પણ શમભાવ છે. નદીના પૂરથી જેમ કિનારે રહેલા વૃક્ષોનો નાશ થાય છે તેમ શમભાવથી વિકારોનો નાશ થાય છે.

પાંચ ઇન્દ્રિયોના વિષયો, ક્રોધાદિ ચાર કષાયો અને કામવાસના આદિ વિકારો વડે વિકારી બનેલો (અશુદ્ધ બનેલો) આત્મા કર્મોના ઉદયથી અનંત એવા આ સંસારમાં પરિભ્રમણ કરે છે. પરંતુ તે જ આત્મા પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને સમજે છે ત્યારે શુદ્ધતત્ત્વની સાથે જોડાતા થવાથી વૃદ્ધિ પામતું શમતારૂપી પૂર, વિકારોને મૂળથી ઉખાડનારું છે.

શ્લોક-૫

જ્ઞાનદર્શનતપઃશીલ, સમ્યક્ત્વસહિતોઽપ્યહો
ન આપ્નોતિ ગુણં સાધુર્યમાપ્નોતિ શમાન્વિતઃ (૬-૫)

શબ્દાર્થ: સમ્યક્ત્વસહિતોઽપ્યહો = સમ્યક્ત્વ ગુણોથી યુક્ત,
ન + આપ્નોતિ = પામી શકતા નથી.

શ્લોકાર્થ: જ્ઞાન-દર્શન-તપ-શીલ અને સમ્યક્ત્વ ગુણોથી યુક્ત સાધુ પણ અહો! (કેવું આશ્ચર્ય!) તે અવસ્થાને પામી શકતા નથી જે અવસ્થાને સમતાગુણોથી યુક્ત સાધુ પામી શકે છે.

ભાવાર્થ: યથાર્થ તત્ત્વનો બોધ તે જ્ઞાન, આત્માના પરિણામની ધારા એક વિષયમાં સ્થિરતા તે ધ્યાન, પાંચ ઈન્દ્રિયોના વિષયોની ઈચ્છાનો નિરોધ (અટકાવવું) તે તપ, બ્રહ્મચર્યનું પાલન તે શીલ, અને સર્વજ્ઞ-વીતરાગ પરમાત્માએ કહેલા તત્ત્વો ઉપરની શ્રદ્ધા તે સમ્યક્ત્વ. આ પાંચે ગુણોની પ્રાપ્તિમાં પ્રથમ સમ્યક્ત્વગુણ પ્રાપ્ત થાય, ત્યારબાદ જ્ઞાનગુણ (સમ્યગ્જ્ઞાન) પ્રાપ્ત થાય, ત્યારબાદ સમ્યક્તપ અને શીલ ગુણ પ્રાપ્ત થાય અને અંતે ધર્મધ્યાન-શુક્લધ્યાન પ્રાપ્ત થાય.

ઉપરોક્ત ગુણો આત્માના શુદ્ધસ્વરૂપના સાધકગુણો છે. શ્રેષ્ઠ ગુણ છે કેમ કે તેનાથી "શમભાવ" નામનો ગુણ દાખલ જ સાધ્યનો ગુણ છે.

જ્ઞાન-દર્શન-તપ-શીલ અને સમ્યક્ત્વ ગુણો ક્ષાયોપશમિક ભાવના હોવાથી આઠ થી દસ ગુણસ્થાનકોમાં પ્રાપ્ત થાય છે, પરંતુ "શમભાવ", મોહનીય કર્મના સર્વથા ક્ષયથી બારમા

બારમા (૧૨મા) ક્ષીણમોહ ગુણસ્થાનકે હોય છે.

સ્વયં સમકિતી હોવા છતાં બીજાને "મિથ્યાત્વી" સમજે છે, સ્વયં જ્ઞાની હોવા છતાં બીજાને મૂર્ખ સમજે છે, સ્વયં સાધુ હોવા છતાં બીજાને મોહાંધ તરીકે જુએ છે, સ્વયં તપસ્વી હોવા છતાં, બીજા જે તપ નથી કરતા તેમના પ્રત્યે તુચ્છતાની દ્રષ્ટિથી જુએ છે તેનું ચિત્ત ક્રોધ અને અહંકારથી ભરડાયેલું હોય છે. તેઓ કેવળજ્ઞાનથી હજારો માઈલ દૂર છે.

ભાત ખાધા વિના, એક પણ દિવસ ભૂખ્યા ન રહી શકનારા કુરગડુ મનુ મુનિ પ્રત્યે, ચાર-ચાર મહિનાના ઉપવાસ કરનારા મુનિઓએ ઘૃણા કરી. પરિણામ એ આવ્યું કે ઘૃણા કરનારા મુનિઓથી કેવળજ્ઞાન દૂર રહ્યું અને ઉપશમ રસમાં ડૂબેલા કુરગડુ મુનિને કેવળજ્ઞાન ભેટી પડ્યું.

બાર મહિના સુધી જંગલમાં સર્વ કષ્ટો સહન કરતા કાઉસ્સગ્ગમાં ઊભા રહેલા બાહુબલીમાં શું જ્ઞાન ન'તું? ધ્યાન ન'તું? તપ કે શીલ ન'તા? બધું જ હતું... એક માત્ર ઉપશમ ન'તો. કેવળજ્ઞાન ન પ્રગટ્યું.... બેનોએ આવીને કહ્યું,
વીરા મોરા ગજ થકી ઉતરો... અર્થાત્ તમો અહંકારના હાથી ઉપરથી ઉતરો. ઉપશમભાવ આવ્યો અને બાહુબલી જાગી ગયા. કેવળજ્ઞાન પ્રગટ થયું.

ચંડરુદ્રાચાર્ય જ્યારે શિષ્યના ખભા ઉપર બેસે છે ત્યારે શિષ્ય જો બરાબર ન ચાલે તો ક્રોધ કરીને શિષ્યને ડંડા મારે છે તો પણ શિષ્ય સમતા રાખે છે. આગળ જતાં શિષ્યને કેવળજ્ઞાન થાય છે. જૈન ધર્મની ખૂબી છે કે દૃઢપ્રહારી જેવા ખૂની પણ જો અંતરથી ક્ષમાપના કરે તો કર્મો ધોવાઈ જાય. સમ્યગ્દર્શન જો ક્ષયોપશમભાવનું હોય તો શમ, સંવેગ ... વગેરે પાંચે ગુણો પૂર્ણપણે ન હોય. ક્ષાયિકભાવનું ~~સમ્ય~~ સમ્યગ્દર્શન જોઈએ.
દુનિયામાં બધા ઉત્તમ કક્ષાના ગુણો હોવા છતાં જો "સમતા" ગુણ ન હોય તો સાધુ આગળ વધી શકતા નથી;

સમ્યક્ત્વ (સમ્યગ્દર્શન) ગુણ દર્શન મોહનીયનો ઘટવાથી એટલેકે મિથ્યાત્વનો નાશવાથી (ટળવાથી) આવે છે.

શમ (સમતા) ગુણ મોહનીય કર્મને (કષાય વગેરે) ઘટવાથી આવે છે એટલેકે ચારિત્ર મોહનીયને ઘટવાથી આવેલ છે.

શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ ભગવાન એક જ ભવમાં ચક્રવર્તી બન્યા અને તે જ ભવમાં તીર્થંકર પદ પામ્યા.

ચક્રવર્તીઓ ૬ ખંડ જીતવા પડે. ચક્રવર્તી હતા ત્યારે સમતા (શમ) ગુણ ન'તો. દીક્ષા લીધી પણ સાધનાના બળે શમ ગુણ પામ્યા.

ઉપસર્ગો થયા.

મહાવીર પ્રભુ ઉપર ઘણાં ઉપસર્ગો થયા શાંત રહી આ ઉપસર્ગોનો સામનો કરતા શાંત ન રહ્યા હોત તો કેવળજ્ઞાન ન થાત. પ્રભુ શમભાવમાં રહ્યા ત્યારે કર્મો ખપ્યા અને કેવળજ્ઞાન પામ્યા.